## વ્યક્તિની જાણ બહાર જ તેના નામનું સિમકાર્ડ ઈસ્યુ થઈ ગયુ

### આ ગંભીર બાબત ધ્યાને આવતા કાર્ડ ઈસ્યુ કરનાર દુકાનદાર અને ડીસ્ટ્રીબ્યુટર બંને સામે ફરીયાદ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર નજીકના પેથાપુર ગામમાં રહેતા જિલ્લા ભાજપ યુવા મોરચાના ઉપપ્રમુખના મિત્રનો તેમના પર ફોન આવ્યો કે તમારૂ વોડાફોનનું નવુ સિમકાર્ડ ટુંક સમયમાં એકટીવ થઈ જશે. આ કાર્ડ કોને અને ક્યારે ખરીદ્યું તેની પણ તેમને જાણ ન હતી. તપાસ કરી તો જાણવા મળ્યું કે તેમના ડોક્યુમેન્ટ પર સિમકાર્ડ ઈસ્યુ થઈ ગયું હતું.

આ બાબતને ગંભીરતાથી લઈને ઉપપ્રમુખ વિજેન્દ્રસિંહ દિલીપસિંહ વાઘેલાએ તપાસ કરાવી કે તેમની જાણ બહાર ખરીદાયેલુ તેમના નામનું સિમકાર્ડ ક્યાંથી ઈસ્યુ થયું છે તો બહાર આવ્યું કે આ કાર્ડ સેક્ટર-૨૪ની આશીર્વાદ મોબાઈલ શૉપનો સિક્કો તથા વોડાફોનના ડીસ્ટ્રીબ્યુટરનો સિક્કો હતો. જેને આધારે એસઓજીમાં દુકાનદાર આશિષ પ્રવિણભાઈ વાઘેલા અને ડીસ્ટ્રીબ્યુટર અશોક શાહ બંને સામે ફરીયાદ આપતા એસઓજીએ તપાસ શરૂ કરી છે.

## નભોઈ પાસે એક યુવાનનું ગળુ કાપીને કરપીણ હત્યા

### મેઘાણીનગરનાં પસ્તી ઉઘરાવતા ૨૪ વર્ષીય યુવાનનો મૃતદેહ હોવાનું ખુલ્યું : હત્યાનું કારણ અને હત્યારા સુધી પહોંચવા ઈન્ફોસીટી પોલીસ દોડતી થઈ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક નભોઈ કેનાલ પાસે લોહીલુહાણ હાલતમાં એક યુવાનનો મૃતદેહ પડેલો જોઈ ઈન્ફોસીટી પોલીસને રાહદારીએ જાણ કરી હતી. પોલીસે ઘટના સ્થળે જઈને તપાસ કરી તો કોઈ અજાણ્યા શખ્સે તે યુવાનનું ગળુ બેરહેમીપૂર્વક કાપી નાંખી હત્યા કરી નાખી હોવાનું ખુલ્યું હતું. મૃતક અંગે તપાસ કરતાં અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં પસ્તી-ભંગાર ઉઘરાવતો ૨૪ વર્ષીય યુવાન હોવાનું બહાર આવ્યું છે. હત્યારો કોણ છે અને આ પ્રકારે ક્રૂરતાપૂર્વક હત્યા કરવા પાછળનું કારણ શું? તે બહાર લાવવા ઈન્ફોસીટી પોલીસે ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગઈ કાલે સમી સાંજે નભોઈ કેનાલ પાસેથી પસાર થતા એક રાહદારીનું ધ્યાન કેનાલ પાસેથી પસાર થતાં આંતરીક માર્ગો પર પડયું અને જોયું તો લોહીલુહાણ હાલતમાં એક યુવાન જમીનદોસ્ત પડેલો હતો. આ અંગે તાત્કાલીક ઈન્ફોસીટી પોલીસને જાણ કરતાં પી.આઈ. પી.બી. ચૌહાણ તેમની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતાં. સ્થળ પર જોયું તો એક અજાણ્યા યુવાનની તીક્ષ્ણ હથિયારથી ગળુ કાપી નાંખેલી હાલતમાં લાશ પડી હતી. પોલીસે એફએસએલ બોલાવીને મૃતક યુવાનની ઓળખ માટે તજવીજ શરુ કરી હતી. આ યુવાન અમદાવાદ મેઘાણીનગર વિસ્તારમાં સ્થિત ન્યુ અમરપાર્કની ચાલીમાં રહેતો અને પસ્તી-ભંગાર ઉઘરાવવાનો વ્યવસાય કરતો ૨૪ વર્ષનો રોહીત ગોવિંદભાઈ પટણી હોવાનું બહાર આવ્યું હતું. પરિણીત યુવાન રોહીતને બે સંતાનો પણ છે. બપોરે બે વાગ્યે મિત્રને છેલ્લે મળેલા આ યુવાનની સમી સાંજ સુધીમાં એટલે કે બે થી ત્રણ કલાકના સમયગાળા દરમિયાન કોઈ શખ્સે તેની હત્યા કરી નાંખી હતી. હત્યારાએ ખુબ જ ક્રૂરતાથી તીક્ષ્ણ હથિયારનો ઘા ઝીંકયો હતો. હત્યા કોણે અને કેમ કરી તે બાબત હજુ પણ રહસ્ય છે. ઈન્ફોસીટી પોલીસે હત્યારા સુધી પહોંચવા દોડધામ શરુ કરી છે.

# ગુજરાતમાં રોકાણ કરવાની અમેરિકી પ્રતિનિધિને અપીલ

### આનંદીબેને પટેલ સાથે અમેરિકી ચેમ્બર ઓફ કોમર્સના પદાધિકારીઓની બેઠક : માળખાકીય સુવિધાની ઓફરો

અમદાવાદ, તા.૧૫

મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે અમેરિકી વેપાર-ઊદ્યોગ પ્રતિનિધિઓને ગુજરાતમાં રોકાણ માટે આંતરમાળખાકીય સવલતો સહિતની સુવિધાઓ માટે રાજય સરકારનાં પોઝિટીવ એપ્રોચ-સકારાત્મક અભિગમનો નિર્દેશ આપ્યો છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ગુજરાતમાં રોકાણો માટેનું સાનુકુળ વાતાવરણ વાયબ્રન્ટ સમિટની ઉતરોતર સફરતાને પગલે ઊભું થયું છે. અમેરિકાના ઊદ્યોગ સંચાસકો-રોકાણકારો પણ એ દિશામાં વધુ પ્રેરિત થાય તે માટે રાજય સરકાર અને અમેરિકા ચેમ્બર્સ ઈન ઈન્ડીયાના અધિકારીઓ-પદાધિકારીઓ પરસ્પર બેઠકો-ચર્ચાસત્રો યોજી પરિણામકારી પ્રગતિ કરે. આનંદીબહેન સાથે આજે અમેરિકન ચેમ્બર્સ ઓફ કોમર્સ ઈન ઈન્ડીયાના સભ્યો-પદાધિકારીઓએ મુંબઈ સ્થિત યુ.એસ,કોન્સ્યુલેટ જનરલ થોમસ વાજડાના નેતૃત્વમાં બેઠક યોજી હતી. થોમસ.વાજડાએ જણાવ્યું કે, આગામી વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫માં ૫૦૦ અમેરિકન કંપનીઓ-ઊદ્યોગ સંચાલકો ભાગ લેવા ઉત્સુક છે ત્યારે ગુજરાતની વાયબ્રન્ટ સમિટની વિશેષતાઓની જાણકારી માહિતી માટે આ બેઠક ઉપયુકત બનશે.

મુખ્યમંત્રીએ આગામી વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫માં વિશ્વના ૮ રાષ્ટ્રો ગુજરાતની સાથે સહભાગી થવાના છે અને ગ્લોબલ સમિટ અક વૈશ્વિક નોલેજ શેરિંગ પ્લેટફોર્મ બનવાની છે તે સંદર્ભમાં અમેરિકન ઊધોગકારોને વ્યાપકપણે ભાગ લેવા ઈજન પાઠવ્યું હતું.

વાયબ્રન્ટ સમિટ પૂર્વે તા. ૭ થી ૯ જાન્યુઆરી ૨૦૧૫ દરમ્યાન યોજાનારા પ્રવાસી ભારતીય દિવસ, સીઈઓ કોન્કલેવ, પતંગોત્સવ વગેરેમાં પણ જોડાઈને ગુજરાતના વૈશ્વિક વિકાસથી પરિચિત થવા આંનદીબહેને તેમને નિમંત્રણ આપ્યું હતું. આ બેઠકમાં અમેરિકન ચેમ્બર ઓફ કોમર્સ ઈન ઈન્ડીયાના એકઝીકયુટીવ ડાયરેકટર અજય સિન્ધા, રૂસ્તમ દેસાઈ તથા મુખ્યમંત્રી ના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન ઊઘોગ અગ્ર સચિવ અતનું ચક્રવતી મુખ્યમંત્રીના અગ્ર સચિવ ભાદુ તેમજ ઊઘોગના વરિષ્ઠ સચિવો ઉપસ્થિત રહ્યા હતા. ડેલિગેશન સમક્ષ ગુજરાતમાં રોકાણોની વિપુલ સંભાવના સંદર્ભે પ્રેઝન્ટેશન તથા વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫નાં ભૂમિકા પણ પ્રસ્તુત કરવામાં આવી હતી.



# પ્રથમ ૬૦ મહિલાનો જેલ સિપાઈનો દિક્ષાંત કાર્યક્રમ

### માનવ અધિકારના હિતોને ધ્યાનમાં રાખી ફરજ બજાવવા અપીલ કરાઈ : રાષ્ટ્રપતિના વિશિષ્ટ સેવાપદક બેને અર્પણ

અમદાવાદ, તા.૧૫

જેલ સ્ટાફ તાલીમશાળા અમદાવાદ ખાતે રાજયની પ્રથમ ૬૦ મહિલા જેલ સિચાઈઓનો દિક્ષાંત આજે સમારોહ યોજાયો હતો. રાજય સરકારના મહિલા સશક્તિકરણને વેગ આપતા રાજયની ૧૭ જેલોની સંવર્ગની ૬૦ મહિલા જેલ સિચાઈની નવ માસની વિના મુલ્યે તાલીમ બાદ યોજાયેલા દિક્ષાંત સમારોહમાં ૧૨ તાલીમાર્થીઓને શ્રેષ્ઠ પ્રદર્શન માટે ટ્રોફી વિતરણ કરવામાં આવી હતી. બે અધિકારીઓને રાષ્ટ્રપતિના વિશિષ્ટ સેવા પદક અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિશેષ પોલીસ મહાનિદેશક અને જેલોના ઈન્સ્પેક્ટર જનરલ ટી.એસ.બીસ્ટે દિક્ષાર્થીઓને માનવ અધિકારીના હિતોને લક્ષમાં લઈ ફરજ બજાવવા અનુરોધ કર્યો હતો રાજયની પ્રથમ મહિલા જેલ સિચાઈ હોવાના ગૌરવ અને ગરિમાને ફરજો દરમ્યાન ઉચ્ચકક્ષાએ પહોંચાડવાના પ્રયત્નો કરવા તેમણે જણાવ્યું હતું. રાજયમાં નવી બનાવવામાં આવેલા મહિલા જેલોમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જેલ સિધારણાગૃહો બને આશાએ સાર્થક કરવામાં મહત્તમ યોગદાન આપવાની આ પ્રસંગે બિસ્ટે આશા વ્યક્ત કરી હતી. રાજયના વિકાસની સાથે રાજયની જેલોનો પણ વિકાસ અને વિસ્તરણ કરવામાં આવી રહ્યા છે માનવ અધિકારીના લાભોથી કેદી ભાઈ-બહેનોનો વિકાસ થાય એવા શુભ આશયથી સ્ત્રી બંદીવાનો પ્રત્યે સકારાત્મક અભિગમ દાખવી મહિલા જેલ સિપાઈ તાલીમને ચરિતાર્થ કરી જેલોનું ગૌપવ વધારશે એમ પોલીસ મહાનિદેશક આઈ.એમ.દેસાઈએ કહ્યું હતું. અધિક પોલીસ મહાનિદેશક ટી.એસ.બીસ્ટે આ પ્રસંગે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી દ્વારા અપાયેલ સેવાપદક પાટણ સબ જેલના અધિકારી આઈ.વી.ચૌધરી તેમજ ભરતી જેલના અધિકારી બી.કે. બહેલીગને અર્પણ કર્યા હતા.





## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા દર ૧૭મી ડિસેમ્બરના રોજ પેન્શનર્સ ડેની ઉજવણી કરવામાં આવે છે.

આ વર્ષે પણ ૭૫ વર્ષ પૂર્ણ કરતા વડીલોનું સન્માન કરવા સંસ્થા દ્વારા આગામી ૨૮મી ડિસેમ્બરના રોજ અમૃત મહોત્સવ સમારંભ યોજાશે.

આ સમારંભ અંતર્ગત આયોજન કરવા તેમજ દરેક પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોને કામગીરીની વહેંચણી અને જવાબદારી સોંપવા માટે ચર્ચા વિચારણા કરવા આવતી કાલ તા. ૧૭મી ડિસેમ્બર ૨૦૧૪ને બુધવારના રોજ સાંજે ૪ કલાકે સે-૨૨ સ્વસ્તિક કોમ્પ્લેક્ષ ખાતે યોજાશે. આ બેઠકમાં પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોને અચૂક હાજર રહેવા પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું.

## સરઢવ ગ્રામ વિકાસ મંડળનો સુવર્ણ જયંતિ મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

સરઢવ ગ્રામ વિકાસ મંડળના યશસ્વી ગૌરવશાળી ૫૦ વર્ષના અતિતની સ્મૃતિને લોકહૃદયમાં સ્થાપિત કરવાના ભાગરૂપે 'સુવર્ણ જયંતિ મહોત્સવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ૨૮ ડિસેમ્બર-૨૦૧૪ને રવિવારના રોજ આયોજીત આ પ્રસંગે મંડળના લક્ષ્યાંકની ૧૫૦ ટકા સિદ્ધિના યશભાગી, દાનની ગરિમાના પોષક વર્ધક, તેમજ સ્વયંપ્રેરિત દાતાઓનું અભિવાદન કરવામાં આવશે. ઉદ્‌ઘાટન સમારોહના અધ્યક્ષ વિષ્ણુભાઈ મફતભાઈ પટેલ, ઉદ્‌ઘાટક સંસદ સભ્ય અને પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી, મુખ્ય મહેમાન તરીકે આરોગ્ય, તબીબી શિક્ષણ,. પરિવાર કલ્યાણ, માર્ગ અને મકાન મંત્રી નિતીનભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહેશે. જ્યારે અતિથિ વિશેષ તરીકે ગિરીશભાઈ પટેલ, રામુભાઈ પટેલ, મુકુન્દભાઈ ઠાકર, ડૉ. ચિત્તરંજનભાઈ પટેલ, પિયુષભાઈ પટેલ તથા ધારાસભ્ય અશોકભાઈ પટેલ હાજર રહેશે. વિવિધ કાર્યક્રમોની રૂપરેખા સાથે સરઢવ ગ્રામ વિકાસ મંડળના હોદ્દેદારો પ્રસંગને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# પિલવાઈ હાઈસ્કુલમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહમિલન સમારોહનું ભવ્ય આયોજન

### શાળાની શિક્ષણયાત્રા ઈ.સ. ૧૯૨૭થી ચાલી રહી છે અત્યાર સુધી લગભગ ૩૦ હજાર વિદ્યાર્થીઓનો વારસો

ગાંધીનગર, તા.૧૫

વિજાપુર તાલુકાના પિલવાઈ ગામની શેઠ જી.સી. હાઈસ્કુલ પ્રથમવાર ૮૭ વર્ષે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન ભવ્ય રીતે યોજી રહી છે. વર્ષ ૨૦૧૪ સુધીમાં લગભગ ૩૦ હજાર જેટલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો વારસો ધરાવતી આદર્શ શાળા છે. ઈ.સ. ૧૯૨૭થી અવિરત શિક્ષણયાત્રાને આગળ ધપાવતી આ શાળાને અનેક પુરસ્કારો પ્રાપ્ત થઈ ચુકયા છે. વર્ષ ૨૦૧૭માં ૧૦૦ વર્ષ આ શાળા પુર્ણ કરશે ત્યારે 'શતાબ્દી મહોત્સવ' ઉજવવાની આ શાળા તૈયારી કરશે તેના આનંદ અને ગૌરવ માટે આ સ્નેહ મિલનનું સુંદર આયોજન હાથ ધરાયું છે.

પિલવાઈની શેઠ ગિરધરલાલ ચુનીલાલ હાઈસ્કુલમાં ૨૮ ડિસેમ્બર ૨૦૧૪ને રવિવારના રોજ સવારે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સ્નેહમિલન કાર્યક્રમનું અદભુત આયોજન હાથ ધરાયું છે. તા. ૧-૮-૧૯૨૭ માં સ્થાપિત આ શાળા માત્ર છ વિદ્યાર્થીઓથી શરુ થયેલ હતી જે આજે ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવે છે. શાળાના ઈતિહાસ ફંફોળીએ તો વતનપ્રેમી, કર્મવીર અને દાનવીર સ્વ. શેઠ ગિરધરલાલ તથા સ્વ. શેઠ ચુનીલાલ જેવા શ્રેષ્ઠીઓના સાત્વિક ધનથી આ શિક્ષણ યાત્રા શરુ થયેલી. મુલ્યોને વરેલા એવા ભારતના માજી વડાપ્રધાન સ્વ. મોરારજીભાઈ દેસાઈના હસ્તે શાળાના મુખ્ય મકાનનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ શાળા ૧૯૨૭થી ૧૯૬૦ સુધી મુંબઈ રાજયમાં ગણાતી હતી તે સમયે વર્ષ ૧૯૫૩માં એસએસસી બોર્ડમાં ૯૬.૨ ટકા પરિણામ સાથે સમગ્ર મુંબઈ રાજયમાં શાળાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

આ શાળામાં ચુનંદા શિક્ષકો જેવા કે આચાર્ય છ.કા. પટેલ રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા, જી.એલ. પટેલ તથા એફ.ડી. પટેલના યોગદાન અને પરિશ્રમને આજે પણ લોકો યાદ કરે છે. શાળાનો શિક્ષકગણ તથા અત્યાર સુધીના લગભગ ૩૦ હજાર જેટલા વિદ્યાર્થીઓના અમુલ્ય વારસા થકી નજીકના વર્ષોમાં આ શાળા ૧૦૦ વર્ષ પૂર્ણ કરનાર છે. ત્યારે તેના આનંદ, ગૌરવ અને સ્મરણોને યાદ કરવાના મૂળભૂત હેતુથી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહ મિલન સમારોહ આયોજીત થયો છે. આ સમારોહમાં સામેલ થવા માંગતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને શાળાના ઈમેલ એડ્રેસ www.GSHighschool.org પર રજીસ્ટ્રેશન કરાવવા જણાવાયું છે. જેની આખરી તા. ૨૧-૧૨-૨૦૧૪ નક્કી કરી હોવાનું શાળાની સ્નેહમિલન સમિતિએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ગાંધીનગર તાલુકામાં અમૃતમ્ 'મા' વાત્સલ્ય યોજના અંતર્ગત ૧૪૦ સ્માર્ટ કાર્ડ ઈસ્યુ થયા

### ૧૨૦૦૦૦ થી ઓછી આવક ધરાવતા પરિવારમાં મહિલા અને બાળકોને બે લાખ સુધી તબીબી સુવિધા મફત

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યમાં મુખ્યમંત્રી અમૃતમ 'મા' યોજના શરૂ થઈ હતી. બાદમાં અન્ય એક મુખ્યમંત્રી અમૃતમ્ 'મા' વાત્સલ્ય યોજના પણ અમલમાં મુકાઈ છે. જેમાં ગાંધીનગર તાલુકામાં આ યોજનામાં અત્યાર સુધી ૧૪૦ સ્માર્ટકાર્ડ ઈસ્યુ કરાયા છે. આ યોજના રૂ. ૧૨૦૦૦૦ થી ઓછી આવક ધરાવતા પરિવારની મહિલાઓ અને બાળકોને બે લાખ સુધીની તબીબી સુવિધા રાજ્યની નક્કી કરેલ હોસ્પિટલમાં મફત ઉપલબ્ધ બનશે. આ અંગેના નોંધણી ફોર્મ બહાર પડાયા છે. જેમાં જરૂરી માહિતી સાથે પ્રમાણપત્રો રજુ કરેથી તાલુકાની હેલ્થ ઓફિસથી કાર્ડ ઈસ્યુ કરાય છે. જો કે સમગ્ર ગાંધીનગર તાલુકાની એક જ સ્થળે કામગીરી નક્કી કરાઈ હોવાથી ગ્રામ્ય વિસ્તારના નાગરીકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

રાજ્યમાં બીપીએલ તથા ઓછી આવક ધરાવતા પરિવારોને મફત તબીબી સુવિધા ઉપલબ્ધ બની રહે તે હેતુથી રાજ્ય સરકારે પ્રથમ અમૃતમ્ 'મા' યોજના શરૂ કરી હતી. જેમાં ૦ થી ૨૦ સ્કોર ધરાવતા લાભાર્થી પરિવારને બે લાખ સુધીની જીંદગીભર તબીબી સુવિધા મફત મળી રહે તેવું આયોજન કરાયુ'છે. જ્યારે હાલમાં શરૂ કરાયેલી 'મા' અમૃતમ્ વાત્સલ્ય યોજનામા રૂ. ૧૨૦૦૦૦ થી ઓછી આવક ધરાવતા પરિરમાં મહિલાઓ અને બાળકોને બે લાખ સુધીની તબીબી સુવિધા એક વર્ષ માટે ઉપલબ્ધ બનશે. ત્યાર બાદ આ યોજનાનું સ્માર્ટ કાર્ડ રીન્યુ થયેથી ફરી એક વર્ષ સુવિધા મળી રહેશે.

ગાંધીનગર તાલુકાના રૂપાલ, આદરજ, ઉવારસદ, સુઘડ, ઉનાવા, પ્રાંતિયા, ડભોડા અને વડોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સમાવિષ્ટ ગામોના નાગરીકો આ વાત્સલ્ય યોજનાનો લાભ લઈ શકે છે. જે માટે ગાંધીનગર બ્લોક હેલ્થ ઓફીસમાં જરૂરી પ્રમાણપત્રો સાથે ફોર્મ રજુ કરેથી સ્માર્ટ કાર્ડ ઈસ્યુ કરાય છે. જો કે સમગ્ર તાલુકામાંથી ગાંધીનગરમાં જ એક જ સ્થળે આ સુવિધા ઉપલબ્ધ કરાવાથી ગ્રામ્ય વિસ્તારના લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જેથી તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે આ સુવિધા મળે તેવી માંગ ઉઠી છે. આ અંગે ગાંધીનગર બ્લોક હેલ્થ ઓફિસના ડૉ. હરેશભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે અત્યાર સુધી ૧૪૦ કાર્ડ ઈસ્યુ થઈ ગયા છે અને હાલ પણ આ યોજનાના ફોર્મ સ્વીકારાઈ રહ્યા છે. વધુમાં વધુ લોકો આ યોજનાનો લાભ મેળવે તેવો અમારો અભિગમ છે. અને અમારા તરફથી નાગરીકોને લાભ મળે તેવો આશય છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

**સૂર્યોદય : ૭.૧૫**

**સૂર્યાસ્ત : ૫.૫૫**

### તાપમાન

**મહત્તમ : ૨૬.૦ ડિ.સે.**

**લઘુત્તમ : ૯.૦ ડિ.સે.**

### ભેજનું પ્રમાણ

**સવારે ૬૨ ટકા ● સાંજે ૨૮ ટકા**

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

**: સ્કીન-૧ :**

એકશન જેકસન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્કીન-૨ :**

બદલપુર બોય : ૧૧.૪૫, ૫.૦૦, ૧૦.૦૦

મેં ઓર મિ. રાઈટ : ૨.૩૦, ૭.૩૦

**સ્કીન-૩ :**

મેં ઓર મિ. રાઈટ : ૧૧.૦૦, ૪.૦૦, ૯.૦૦

બદલપુર બોય : ૧.૩૦, ૬.૩૦

**સીટી પલ્સ**

**: સ્કીન-૨ :**

એકશન જેકસન : ૪.૦૦, ૧૦.૦૦

બદલપુર બોય : ૬.૪૫

**: સ્કીન-૩ :**

એકસોડસ ગોડ એન્ડ કિંગ્સ (ઈંગ્લીશ) ૩ડી : ૬.૪૫

લિંગા (તમીલ) : ૯.૦૦

**: સ્કીન-૪ :**

એકશન જેકસન : ૧૦.૦૦

બદલપુર બોય : ૩.૪૫, ૧૦.૦૦

મેં ઓર મિ. રાઈટ : ૧૨.૪૫

લિંગા (તમીલ) : ૭.૦૦

**: સ્કીન-૫ :**

બદલપુર બોય : ૧૦.૦૦

એકશન જેકસન : ૧.૦૦, ૭.૦૦

**: સ્કીન-૬ :**

એકશન જેકસન : ૭.૦૦

બદલપુર બોય : ૩.૪૫

મેં ઓર મિ. રાઈટ : ૧૨.૪૫

### આપની આજ

**મેષ** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે.

**વૃષભ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. આરોગ્યલક્ષી આહાર લેવો.

**મિથુન** : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે.

**કર્ક** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે.

**સિંહ** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે. અપરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે.

**કન્યા** : વ્યાપાર મધ્યમ રહશે. આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**તુલા** : કાર્યોમાં ઉન્નતિ થશે. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો.

**વૃશ્ચિક** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બને છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે.

**ધન** : ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. શત્રુઓથી હાની થવાની આશંકા રહેશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે.

**મકર** : સ્વયં યોજના મુજબ કાર્ય કરવું. ક્રોધ અને આવેશ પર સંયમ રાખવો. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે. ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે.

**કુંભ** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. નવા સંબંધો બંધાશે. કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો.

**મીન** : વ્યપારી વર્ગથી લાભ થવાની શકયતા છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. મંગળ કાર્યોનું આયોજન કરી શકશો.

### ચિરવિદાય

- સ્વ. વાઘેલા નરેન્દ્રસિંહ વિક્રમસિંહ (ઉ.વ.૨૪) મુ. લેકાવાડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. રામજીભાઈ શમથાભાઈ પરમાર (ઉ.વ.૩૦) મુ. પીંપલજ, તા.જી. ગાંધીનગર